ગ્રામ અને નગરપંચાયતોમા ખાલી
પડતી જગ્યાઓ ભરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત વિભાગ,
પરિપત્રક્રમાંક : નપમ-૧૦૮૩-૯૬૪-ક(૧)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૫.૮.૧૯૮૩.

વંચાણમાં લીધો :- પં.ગૃ.નિ. અને શ. વિ.વિભાગનો તા:૧૯. ૮૩ નો પત્રક્રમાંક: નપમ-૧૦૮૩-
૧૩૧-ક.૧

પરિપત્ર :-

પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના ઉપર આમુખમાં દર્શાવેલ તા: ૧૯-૩-૧૯૮૩ ના પત્રથી રુપાંતરીત ગ્રામ અને નગર પંચાયતોમાં નવી જગ્યાઓ ઉભી કરવી, પગારધોરણમાં સુધારો કરવો, ખાલી જગા ભરવા તથા સીધી ભરતીથી કે બઢતીથી નવી નિમણુંક કરવા સામે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો. આ સંબંધમાં કાળજીપૂર્વકની વિચારણા કર્યા બાદ ગ્રામ -નગર પંચાયતના કર્મચારીઓની ભરતી અંગે આખરી નિર્ણય લેવામા ન આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે નીચે કાર્યવાહી કરવાનુ નકકી કરવામાં આવે છે.

(૧) નામ.સર્વોચ્ચ અદાલતે તા:૨૭-૧-૮૩ ના રોજ ૧૯૭૮ના ગુજરાત પંચાયત (ત્રીજો સુધારો)અધિનિયમ ગેરકાયદેસર અને ગેરબંધારણીય જાહેર કરેલો હોઇ તા:૨૭-૧-૮૩થી તે અધિનિયમથી સુધારવામાં આવેલી જોગવાઇઓ આપોઆપ રદ થાય છે અને તેથી કલમ -૧૦૨ હેઠળ કર્મચારીઓની ભરતી કરવી, પગાર ધોરણો નકકી કરવા, ભરતી માટેની લાયકાતો નકકી કરવી, વિગેરેના અધિકારો ગ્રામ અને નગરપંચાયતોને રહેતા નથી. આથી તા: ૨૭-૧-૮૩ બાદ આવી કોઇપણ જાતની બઢતી નિમણૂંક કે અન્ય કોઇ કાર્યવાહી કરવામાં આવી હોય તે અધિકાર બહારની ઠરે છે તેથી તે રદ કરવાને પાત્ર થાય છે.

(૨) પંચાયતમાં ખાલી જગ્યા પડી હોય ત્યારે પ્રથમ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ગુજરાત પંચાયત અધિનિયમની કલમ - ૨૯૩ હેઠળ તે પંચાયતના મહેકમ માળખાની ચકાસણી કરવાની રહેશે. ખાસ કરીને તે પંચાયતોના કિસ્સામાં જયાં ૧૯૭૮ પછી આડેધડ જગાઓ ઉભી કરવામાં આવી છે. અને નોકરીની સંખ્યા જરુરીયાત પ્રમાણે છે કે કેમ તે તપાસવાનુ રહેશે અને જો આ જગ્યાઓ જરુરીયાત પ્રમાણેનીહોય તેવા સંજોગોમાં જ ખાલી જગા ભરવા માટે વિચારણા કરવાની રહેશે.જે કિસ્સામાં જરુરીયાત કરતાં વધારે જગાઓ હશે ત્યાં ખાલી જગા ન ભરતાં તે જગા રદ કરવાની થશે તે મુજબ જેમ જેમ જગાઓ ખાલી પડે તેમ તેમ ક્રમશઃ રદ કરવાની રહેશે.

(૩) ગુજરાત પંચાયત અધિનિયમની કલમ - ૨૯૩ પ્રમાણે ચકાસણી કરતાં જે તે પંચાયતમાં જે તે વખતે મહેકમની જગાઓ પંચાયતનીજરુરીયાત મુજબ જણાયેલ હોય અને તે સંજોગોમાં તેમની કોઇ ખાલી જગા ભરવાની હોય તે કિસ્સામાં નીચે પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

(ક) કારકુન તથા ટાઇપીસ્ટની ખાલી જગાઓ જિલ્લા પંચાયત પાસેના પસંદગી સમિતિ મારફતે પસંદ થયેલા ઉમેદવારોની પસંદગી યાદીમાંથી હંગામી ધોરણે ભરવાની રહેશે. અને પસંદગી યાદીમાં ઉમેદવારો ઉપલબ્ધ ન હોય તો રોજગાર વિનિમય કચેરી મારફતે ભરવાની રહેશે. નિમણુંક અંગેના

હુકમો નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કરવાના રહેશે. જયારે પંચાયતના કર્મચારીઓને સરકારી નોકરો ગણવાના ને સરકારી નોકરો પ્રમાણે પગાર ધોરણ આપવા છે. ત્યારે કારકુન - ટાઈપીસ્ટની ઓદ્દામાં ઓછી લાયકાત એસ.એસ.સી. હોવી જોઈએ.

(ખ) શોપ ઈન્સપેકટર , ટેક્ષ ઈન્સપેકટર, ઓકટોય ઈન્સપેકટર તથા સીનીયર કારકુનની જગાઓ જે તે પંચાયતના તમામ પૈકી સૌથી સીનીયર કર્મચારીને તદન હંગામી ધોરણે બઢતી આપીને ભરવાની રહેશે.

(ગ) ગ્રામ પંચાયતના સેક્રેટરીની જગા ખાલી પડે ત્યારે કાયમી ધોરણે તલાટી કમ મંત્રીને નિમણુંક આપવાની રહેશે. અને આ વિભાગના તારીખઃ ૨૪-૬-૮૩ ના ઠરાવ ક્રમાંક નપમ - ૧૦૮૩-૫૧૦- ક.(૧) માં દર્શાવેલ પગાર ધોરણવાળી જગા અસ્તિત્વમાં રહેશે નહીં.

(ઘ) નગર પંચાયતના સેક્રેટરીની ખાલી જગા જિલ્લા- તાલુકા પંચાયતમાંથી અવલ કારકુન અથવા વિસ્તરણ અધિકારી ( પંચાયત) ને હંગામી ધોરણે નિમણુંક આપીને હંગામી ધોરણે ભરવાની રહેશે.

(ચ) રુપાંતરીત પંચાયતમાં હેડ કારકુનની ખાલી જગા જે તે પંચાયતમાં સીનીયર કારકુનની જગા હોય તો તેને હંગામી ધોરણે બઢતી આપીને ભરવાની રહેશે અગર વિકલ્પે તાલુકા જિલ્લામાંના યોગ્ય સીનીયર કારકુનની માંગણી જિલ્લા પંચાયત પાસે કરવાની રહેશે. તે જ પ્રમાણે એકાઉન્ટન્ટની જગા જિલ્લા -તાલુકા પંચાયતના સીનીયર એકાઉન્ટસ કલાર્કને હંગામી ધોરણે બદલી કરીને ભરવાની રહેશે.

(છ) ઉપર (ઘ) અને (ચ) પ્રમાણે કાર્યવાહી કરવાની પરિણામે જિલ્લા તાલુકા પંચાયતમાં ખાલી પડેલી જગા પ્રતિક્ષા યાદી પરના ઉમેદવારને નિમણુંક આપીને અથવા હંગામી ધોરણે બઢતીથી ભરવાની રહેશે.

(જ) ઉપર (ક) થી (ચ) માં જણાવ્યા પ્રમાણેના આદેશો જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના જે તે સંવર્ગના કર્મચારીની નિમણુંક કરનાર સક્ષમ અધિકારીને કરવાના રહેશે.

(ઝ) નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદા પ્રમાણે પંચાયત સેવાના કર્મચારીઓને સરકારી નોકરો ગણવાના રહે છે. સરકારી નોકરોની નિવૃત્તિ વય ૫૮ વર્ષની છે. આથી પંચાયતોમાં ૫૮ વર્ષની વય બાદ કોઇ કર્મચારીનોકરીમાં હવે પછી ચાલુ રાખવાના રહેતા નથી. અને કોઇ કિસ્સામાં ચાલુ રાખેલોય તો તેમને જેમ બને તેમ જલદી જલદી છુટા કરવાના રહેશે.

(ટ) ઉપર જણાવ્યા સિવાયની અન્ય ખાલી પડતી જગાઓ માટે પણ ઉપર જણાવ્યા પ્રમાણેની કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે.

(ઠ) પંચાયત કર્મચારીઓને સરકારી કર્મચારી ગણ્યા પછી તેમની સામે શિસ્તના પગલાં કોણે ભરવાના રહે તે અંગે પણ કેટલીક પંચાયતોએ સ્પષ્ટતા માંગી છે. ૧૯૭૮ ની સાલમાં ગુજરાત પંચાયત અધિનિયમમાં સુધારા થયા પછી તેને અનુલક્ષીને જે તે નિયમોમાં ફેરફાર કરવામાં આવેલ, હવે જયારે સુધારાઓ અમલમાં રહેતા નથી. ત્યારે તે અન્વયે નિયમોમાં કરેલ સુધારા પણ અમલમાં રહેશે નહિં. સને ૧૯૭૮ પહેલાં નિયમોમાં જે જાતની જોગવાઇ હતી તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ઉપરોકત સુચનાઓ તેમના નિયંત્રણ હેઠળની તમામ ગ્રામ તથા નગર પંચાયતોના ધ્યાન પર લાવવા સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તથા તાલુકા અધિકારીશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

ગુરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શ. પ્રા. શેલત )
નાયબ સચિવ,
પંચાયત વિભાગ.

પ્રતિ,
- વિકાસ કમિશ્નરશ્રી ગુજરાત રાજય ગાંધીનગર ( પાંચ નકલો )
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,
- પંચાયત વિભાગની તમામ શાખાઓ ( ક.૧ શાખા સિવાય )
- સિલેકટ ફાઈલ.